

મોડાસામાં શહેર સહીત સંવેદનશીલ વિસ્તારમાં સી.આર.પી.એફ. જવાનો અને મોડાસા ટાઉન પોલીસ સ્ટેશનના અધિકારી અને પોલીસ જવાનો સાથે ૧૪ ડિસેમ્બરે યોજાનાર વિધાનસભાની ચૂંટણીમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને અને મતદારોને નિર્ભય વાતાવરણ મળી રહે તે માટે મોડાસા શહેર સહીત સંવેદનશીલ વિસ્તારમાં ફ્લેગ માર્ચ યોજાઈ હતી. ફ્લેગ માર્ચમાં સશસ્ત્રધારી જવાનોને લોકો ઉત્સુકતાપૂર્વક નિહાળી રહ્યા હતા.

# ચૂંટણીના સમયે બાયડ-માલપુર કોંગ્રેસમાં ભંગાણ

## બાયડ તાલુકા પંચાયતના ત્રણ સદસ્યો સહીત ૨૦૦ થી વધુ સદસ્યો ભાજપમાં જોડતા કોંગ્રેસમાં ભૂકંપ સજાર્યો

બાયડ, તા. ૨

ગુજરાત વિધાનસભાની ચૂંટણીને ગણતરીના દીવસો બાકી રહ્યા છે. ત્યારે બાયડ તાલુકા પંચાયતના ત્રણ સદસ્યો સહીત ૨૦૦ કરતા વધુ સદસ્યો ભાજપમાં જોડતા અરવલ્લી જીલ્લા કોંગ્રેસમાં ભૂકંપ સજાર્યો હતો.

બાયડ વિધાનસભા સીટ પર કોંગ્રેસે ઠાકોર સેનાના ઉમેદવાર ધવલસીહ ઝાલાને ટીકીટ આપતા બાયડ તેમજ માલપુર કોંગ્રેસમાં ભડકો જોવા મળ્યો હતો. ઉમેદવાર બદલવા માટે બાયડ સીટની જીલ્લા પંચાયત અને તાલુકા પંચાયતના સદસ્યોએ રાજીનામાંની ચીમકી આપી હતી. ત્યારે કોગ્રેસ ધ્વારા પ્રદેશ નેતાઓએ ડેમેજ કન્ટ્રોલ કરી લીધું હતું. રવિવારે ભાજપ કાર્યલયના ઉદઘાટન સમયે બાયડ તાલુકા પંચાયતના ત્રણ, કોગ્રેસના સદસ્યો સહીત ૨૦૦ કાર્યકર્તા ભાજપમાં જોડાતા કોગ્રેસમાં ભડકો સર્જાયો છે અને આ ઘટનાથી કોંગ્રેસના ડેમેજ કન્ટ્રોલની પોલ ખુલ્લી પડી ગઈ હતી.

બાયડ તેમજ માલપુર કોંગ્રેસ સગઠનના મોટા મોટા નેતાઓ ધવલસિહના વિરોધમાં, ધવલ સિહના પ્રચારમાં સ્થાનિક કોંગ્રેસ સગઠનમાંથી કોઈ જોડે ચૂંટણી પ્રચારમાં જોડે ન રહેતા આયતી કાર્યકર્તા બોલાવતો હોવાની લોકચર્ચાએ વધુ જોર પકડ્યું છે.

# ધાનેરા ભાજપ કાર્યાલયના ઉદ્‌ઘાટનમાં કોઈ ન આવ્યુ

ધાનેરા, તા. ૨

ધાનેરામાં આજે ભાજપ કાર્યાલયનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. પરંતુ ઉદ્‌ઘાટનમાં લોકો ન આવતા ધાનેરામાં ભારે ગરમાવો જોવા મળી રહ્યો છે. તો બીજી તરફ ભાજપના ઉમેદવાર જાણે એવું માની રહ્યાં છે કે મારે કોઈની જરૂર નથી અને હું એકલો પણ ચૂંટણી જીતી લઈશ તેમ કોઈને જાણ કર્યા વગર કાર્યાલયનું ઉદ્‌ઘાટન કર્યુંહતું. ધાનેરા વિધાનસભા ઉપર માવજી દેસાઈને ટિકિટ આપી જાણે ભાજપ ધાનેરા સીટ ગુમાવી દીધી હોય તેવુ લાગી રહ્યું છે. તો બીજી તરફ ઉમેદવાર માવજી દેસાઈ પોતાના પાવરમાં જ ફરે છે અને તે પોતાની જાતને સમજી રહ્યા છે કે કોઈની પણ જરૂર વગર તે ધાનેરા વિધાનસભાની સીટ જીતી અત્યારથી જ ધારાસભ્ય બની ગયા હોય તેવા વહેમમાં ફરી રહ્યા છે. તો બીજી તરફ લોકો પણ તેનો પાવર ઉતારવા માટે જવાબ આપી રહ્યા છે અને આજે તેના કાર્યાલયની ઉદ્‌ઘાટનમાં એક પણ વ્યક્તિ ન જતા તેને તેના કાર્યકર્તાઓ સાથે જ ઉદ્‌ઘાટન કરવુ પડ્યુ હતુ. બહારથી આવેલો ઉમેદવાર આજે ધાનેરાના મતદારોને પૈસાના જોરે ખરીદી ચૂંટણી જીતવા ધમપછાડા કરી રહ્યો હોય તેવી વાતો ધાનેરામાં વેગ પકડી રહી છે. ત્યારે હવે જોવાનુંએ રહે છે કે આ ધારાસભ્ય બને છે કે પછી ઘરે જાય છે તે તો સમય જ બતાવશે.



# ધાનેરા રેલવે સ્ટેશન નજીક અજાણ્યા યુવકનું ટ્રેનની અડફેટે મોત

ધાનેરા, તા. ૨

દિન પ્રતિદિન રેલવે નીચે પડતુ મુકી મોતને વ્હાલુ કરનારા બનાવો વધી રહ્યા છે. ત્યારે આજે પણ ધાનેરા અને સામરવાડા વચ્ચે કોઈ અજાણ્યા યુવકે ટ્રેન નીચે પડતુ મુકી જીવનનો અંત આણતા સમગ્ર પંથકમાં ચકચાર મચી જવા પામ્યો છે. તો બીજી તરફ લોકો દ્વારા ધાનેરા પોલીસને જાણ કરતા ધાનેરા પોલીસે તાત્કાલિક ઘટનાસ્થળે આવી મૃતકના મૃતદેહને પી.એમ. અર્થે ધાનેરાની રેફરલ હોસ્પિટલમાં ખસેડી મૃતકના સગાની શોધખોળ હાથ ધરી છે. તો બીજી તરફ આ યુવકનું ટ્રેનની અડફેટે મોત નીપજ્યુ છે કે પછી આત્મહત્યા કરી છે તે તો પોલીસ તપાસ બાદ જ બહાર આવશે.

# ધાનેરામાં કોંગ્રેસ કાર્યાલયનું ભવ્ય ઉદ્‌ઘાટન યોજાયું



ધાનેરા, તા. ૨

ધાનેરા વિધાનસભા સીટ ઉપર આજે કોંગ્રેસ પક્ષ દ્વારા કાર્યાલયનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં લોકોએ હાજર રહી નથાભાઈને જીતાડવા માટે હાંકલ કરી હતી. નથાભાઈ પટેલને લોકોનો સારો આવકાર મળી રહ્યો છે. અને કોંગ્રેસ દ્વારા નથાભાઈને ટિકિટ આપતા લોકોમાં પણ ભારે ખુશી જોવા મળી રહી છે. ત્યારે આજે નથાભાઈ પટેલ દ્વારા ધાનેરા, થરાદ રોડ ઉપર વિશ્વકર્મા મંદિરની બાજુમાં કોંગ્રેસ કાર્યાલયનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતુ. જેમાં મોટી સંખ્યામાં લોકો હાજર રહ્યા હતા અને નથાભાઈને જીતાડવા માટે હાકલ કરી હતી. નથાભાઈને લોકોનો સારો સહકાર મળી રહેતા નથાભાઈએ પણ હર્ષની લાગણી અનુભવી હતી અને ધાનેરાનો સારો વિકાસ કરવાની લોકોને ખાતરી આપી હતી.

# પ્રાંતિજમાં ઈદે મિલાદ પર્વની દબદબાભેર ઉજવણી કરાઈ

## મુસ્લિમ વિસ્તારો મસ્જીદો રોશનીથી શણગારવામાં આવી : ઈદે મિલાદ પર્વ નિમિત્તે પ્રાંતિજના વિસ્તારોમાં શાંતિ-શિસ્ત રીતે ઝુલુસ નિકળ્યું





પ્રાંતિજ, તા. ૨

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે રહેતાં મુસ્લીમ બિરાદરો દ્વારા ઈસ્લામ ધર્મના સ્થાપક હઝરત મંહમ્બદ પયગમ્બર સાહેબના જન્મ દિનની ઈદે મિલાદ પર્વ નિમિત્તે મસ્જીદો તથા મુસ્લિમ વિસ્તારોમાં રોશનીથી શણગારવામાં આવ્યાં હતાં અને મુસ્લિમ બિરાદરો અને ઝુલુસ કમીટી દ્વારા પ્રાંતિજના મુસ્લિમ વિસ્તારો સહિત બજારમાં જુલુસ કાઢવામાં આવ્યું હતું. જેમાં અલ્લાહને દુઆઓ કરી પૂર્ણાહૂતિ કરવામાં આવી હતી.

પ્રાંતિજમાં ઈદે મિલાદ પર્વની દબદબાભેર ઉજવણી કરવામાં આવી હતી. જેમાં બે દિવસ પહેલાંથી જ મુસ્લિમ વિસ્તારોમાં તથા મસ્જીદો ઉપર રંગબેરંગી રોશની કરવામાં આવી હતી અને ઠેર-ઠેર પાણીની પરબ તથા દૂધની વ્યવસ્થા કરવામાં આવી હતી. તો બજારચોકમાં કરવામાં આવેલ રોશની જોવા હિન્દુ-મુસ્લીમ ધર્મના લોકો રાત્રીના સમયે ઉમટી પડ્યા હતા. ઈદે મિલાદ પર્વ નિમિત્તે બારકોડ, પઠાવાડા વગેરે વિસ્તારોમાંથી મુસ્લિમ બિરાદરો તથા ઝુલુસ કમીટી દ્વારા પ્રાંતિજના વિવિધ વિસ્તારોમાં જુલુસ કાઢવામાં આવ્યું હતું. જેમાં એક્તા શાંતિ અને ભાઈચારો બની રહે તે માટે મુસ્લીમ બિરાદરો દ્વારા અલ્લાહને દુઆઓ કરવામાં આવી હતી અને શાંતિ-શિસ્ત રીતે પ્રાંતિજના વિવિધ માર્ગો ઉપરથી શાંતિપૂર્વક જુલુસ પસાર થયું હતું. જયારે જુલુસના માર્ગો ઉપર ધર્મપ્રેમી લોકો દ્વારા દુધ કોલ્ડરીંગ, આઈસ્ક્રીમ, ઠંડા પીણા સહિતની વ્યવસ્થા કરવામાં આવી હતી. પ્રાંતિજ પીઆઈ વી.આર. ચાવડા દ્વારા કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે ચુસ્ત પોલીસ બદોબદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.

# અરવલ્લી જિલ્લામાં ઠેર ઠેર ઈદે મિલાદની ઉજવણી, મસ્જિદો રોશનીથી ઝળહળી ઉઠી

## દાવતે ઈસ્લામી અને મુસ્લિમ સમાજે ભવ્ય ઝુલુસ કાઢ્યું : દવાખાનાઓમાં દર્દીઓને ફ્રૂટનું વિતરણ



અરવલ્લી, તા. ૨

ઈસ્લામ ધર્મના સ્થાપક અને અંતિમ નબી હઝરત મોહમ્મદ પયગંબર અને શાંતિ પ્રેમ અને ભાઈચારાનો સંદેશ આપનારનો જન્મદિવસ એટલે ઈદે મિલાદ. આ પર્વ નિમિત્તે અરવલ્લી જિલ્લામાં લઘુમતી વિસ્તારોમાં ઠેર ઠેર ઉજવણી કરવામાં આવી હતી અને મોડાસા શહેરમાં નમાઝ અદા કર્યા બાદ દાવતે ઈસ્લામી અને મુસ્લિમ બિરાદરોએ ભવ્ય ઝુલુસ કાઢ્યું હતું અને કેટલાક યુવાનો દ્વારા મોડાસાની તમામ હોસ્પિટલોમાં સારવાર લેતા દર્દીઓને ફળ ફળાદીનું વિતરણ કરવામાં આવ્યું હતું. અરવલ્લી જિલ્લાના મોડાસા શહેર સહીત મુસ્લિમ વસ્તી ધરાવતા શહેરો અને ગામડાઓમાં ઈદે મિલાદની ઉજવણીમાં ૨૦ દિવસ અગાઉથી ધર્મસ્થાનકો મસ્જિદ, દરગાહો-આસ્તાનાઓ, કબ્રસ્તાનો, મદ્રેસાઓ સહીત રહેણાંક ઘર થતા શેરીઓને રંગબેરંગી લાઈટિંગ સાથે શણગાર કરતા સમગ્ર વિસ્તાર જળહળી ઉઠ્યો હતો. ઈદે મિલાદની ઉજવણીમાં શનિવારે વહેલી સવારે મિલાદ શરીફ પઢવામાં આવ્યા હતા. ત્યારબાદ ઠેર ઠેર ભવ્ય જુલુસ નીકાળવામાં આવ્યા હતા તદઉપરાંત મોડાસામાં મક્કા મદીના સહીતની કૃતિઓ, અજમેર શરીફની દરગાહ તેમજ દિલમાં અલ્લાહ સહીત અનેક મુસ્લિમ ધર્મની પ્રતિકૃતિઓનુંપ્રદર્શન યોજવામાં આવતા મોટી સંખ્યામાં બાળકો અને મુસ્લિમ સમાજના લોકો જોવા માટે ઉમટ્યા હતા.

# કાંકરેજના ભાજપ ઉમેદવારને રણાવાડા (જા) સહિત અન્ય ગામોમાં ઠેર-ઠેર આવકાર

કાંકરેજ, તા. ૨

પ્રાપ્ત વિગતો અનુસાર કાંકરેજ વિધાનસભા-૧૫ના ઉમેદવાર કિર્તીસિંહ વાઘેલાને ઠેર ઠેર જન સમર્થન સામે ઉમળકાભેર આવકાર મળી રહ્યો છે. ત્યારે રણાવાડા જાગીર ગામે ગામસભામાં રાવલ પરિવારની સિકોતર મંદિર દર્શન કરી રણાવાડા જાગીર ગામે ગામસભામાં રાવલ પરિવારની સિકોતર મંદિરે દર્શન કરી રણાવાડા જાગીર ગામમાં સભા યોજી હતી. જ્યાં અણદાભાઈ પટેલ, ડાહ્યાભાઈ પિલીયાતર, હરગોવનભાઈ શિરવાડિયા, રમેશભાઈ વાઘડા, બાબુભાઈ પટેલ સહિત ભાજપના કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. અને રણાવાડા(જા) સરપંચ પતિ અંબારામ રાવલે ફૂલહાર શાલથી કે.પી. વાઘેલાનું સ્વાગત કર્યું હતું.

આ પ્રસંગે રણાવાડાના અગ્રણીઓ માનસુંગભાઈ રાવલ, સેમરાજભાઈ, ભરત જે. રાવલ, ભાયરામભાઈ તલાટી, મુકેશ રાવલ, મધાભાઈ દવે તથા વશરામભાઈ અને આશારામ રાવલ સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. જેમાં કિર્તીસિંહ વાઘેલાને જાહેર ટેકો આપી ૧૦૦ ટકા મતદાન કરી ભાજપને વિજયી બનાવવા ખાતરી આપી હતી. આમ કાંકરેજમાં ભાજપના ઝંઝાવાતી પ્રવાસ પ્રચારમાં ભાજપને ઠેર ઠેર આવકાર મળતો રહે છે. જો કે પાંચ ઉમેદવારો વચ્ચે ચૂંટણી જંગમાં કોણ બનશે બાદશાહ એ તો આવનાર સમય બતાવશે.

## મોડાસામાં ઓધારી મંદિર ખાતે ભાવસાર સમાજનુ જીવનસાથી પસંદગી મેળો, સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો



મોડાસા, તા. ૨

મોડાસા નગરના ઓધારી મંદિરમાં મોડાસા પ્રદેશ ભાવસાર સમાજ આયોજીત જીવનસાથી પસંદગી મેળાનું આયોજન કરવામાં આવેલ. જેમાં સમગ્ર ગુજરાત અને ગુજરાત બહારના ૧૮થી વધુ ભાવસાર સમાજના ગોળના લગ્નોત્સુક મોટી સંખ્યામાં યુવક યુવતીઓએ ભાગ લીધેલ હતો. ત્યારબાદ માતાજીનું હવન રાખેલ. જેમાં યજમાન તરીકે અનિમેષ પ્રવિણભાઈ ભાવસાર બેઠેલ હતા. તે પછી મંદિર પ્રાંગણમાં સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો હતો. જેમાં સમાજના તેજસ્વી તારલાઓને ઈનામ વિતરણ કરી પ્રોત્સાહિત કરવામાં આવેલ તથા વિશિષ્ટ હોદ્દાઓ મેળવેલ જ્ઞાતિબંધુઓને સન્માનવામાં આવેલ હતા. ત્યારબાદ મહાપ્રસાદના કાર્યક્રમમાં સમાજના મોટી સંખ્યામાં મોડાસા તથા બાયડ રમોશ. રળાસળા જેવા અંતરિયાળ વિસ્તારોમાંથી જ્ઞાતિજનો ઉમટી પડ્યા હતા.

આ કાર્યક્રમ ડૉ. મહેશભાઈ એસ. ભાવસાર ઠાસરા તથા ડૉ. અજય એસ. ભાવસાર (શહેરા)ના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો.

સમાજના પ્રમુખ હર્ષદભાઈ ભાવસાર, મંત્રી પ્રકાશ આઈ. ભાવસાર, મહેશભાઈ ભાવસાર, જયેશભાઈ તથા કિશોરભાઈ ભાવસારે આ કાર્યક્રમને સફળ બનાવવામાં સારી એવી જહેમત ઉઠાવેલ હતી. રાત્રી દરમ્યાન બાળકોના સાંસ્કૃતિક કાર્યક્રમને અનેરૂ આકર્ષણ જમાવ્યું હતું.

# ભિલોડામાં ઈદે મિલાદ નિમિત્તે મુસ્લીમ બિરાદરો ધ્વારા ઝુલુસ કાઢી ઉજવણી

ભિલોડા,તા.૨

ભિલોડામાં અને ગ્રામ્ય વિસ્તારોમાં ઈદે મિલાદ અને મહમંદ પયગંબર સાહેબના જન્મદિન નિમિત્તે મુસ્લીમ બિરાદરો ધ્વારા ધામધુમથી ઉજવણી યોજાઈ હતી.મુસ્લીમ બિરાદરો ધ્વારા ઝુલુસ કાઢવામાં આવ્યું હતું. મુસ્લીમ બિરાદરો ભાઈઓ તથા બહેનો મોટી સંખ્યામાં જોડાયા હતા.ભિલોડામાં ઠેર-ઠેર મસ્જીદો, દરગાહો અને મુસ્લીમ સમાજના બિરાદરોના મકાનો અવનવી ઝાકમઝોળ રોશનીથી ઝળહળી ઉઠ્યા હતા.ભિલોડામાં હાથમતી નદી કિનારે યામલંગશાહ બાવા દરગાહના પટ્ટાંગણમાં ઈદે મિલાદના તહેવાર નિમિત્તે ઉજવણીના કાર્યક્રમો યોજાયા હતા.મુસ્લીમ સમાજના બીરાદરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. ભિલોડામાં હિન્દુ-મુસ્લીમ સમાજમાં ભાઈ-ચારા, એકતાનું વાતાવરણ જોવા મળતું હતું.



મુસ્લીમ સમાજના બિરાદરો ઝુલુસમાં મોટી સંખ્યામાં જોડાયા હતા. ભિલોડામાં ઈદે મિલાદ અને મહમંદ પયગંબર સાહેબના જન્મદિન નિમિત્તે મુસ્લીમ બિરાદરો ધ્વારા ઝુલુસ કાઢી ધામધુમથી ઉજવણી યોજાઈ હતી.

ભિલોડા ભારત વિકાસ પરીષદ શાખાના હોદ્દેદારો,કાર્યકરો ધ્વારા બિસ્કીટ વિતરણ કાર્યક્રમ યોજાયો હતો.ભિલોડા ગૌરક્ષા સમિતી હોદ્દેદારો,કાર્યકરો ધ્વારા શરબત વિતરણનો કાર્યક્રમ યોજાયો હતો.

# મોડાસા કોલેજમાં મતદાન જાગૃતિ કેમ્પમાં મતદાનનું મહત્વ સમજાવ્યું



મોડાસા, તા. ૧

આગામી ડિસેમ્બર મહિનામાં વિધાનસભાની ચૂંટણીમાં મતદાતાઓ તેમના મતાધિકારનો ઉપયોગ કરે તે માટે અને ૧૮ વર્ષથી ઉપરના યુવાનો પ્રથમવાર મત આપવાનો અધિકાર મેળવનાર કોલેજના વિદ્યાર્થીઓને મતદાનનું મહત્વ સમજાવવા શુક્રવારે સવારે મોડાસાની ઘી.મ.લા.ગાંધી કોલેજ કેમ્પસમાં આવેલી લો-કોલેજ અને મત આપવાનો અધિકાર મેળવનાર વિદ્યાર્થીઓને લાયન્સ ક્લબ ઓફ મોડાસા, સરકારી નિયુક્ત ઓફિસરો અને લેખક પ્રો.સંતોષ દેવકાર દ્વારા સમજણ આપી એક મતનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું અને મતદાન કરી દેશના નિર્માણમાં ફાળો આપવા જણાવ્યું હતું અને ચૂંટણીના દિવસે મતદાન કરી લોકશાહીની પરંપરાને જાળવવા અનુરોધ કર્યો હતો.

## ભિલોડામાં એન.એસ.એસ. શિબિરનો શુભારંભ

ભિલોડા,તા.૨

ભિલોડા અર્બુદા સેવા સંઘ સંચાલિત આર.જે.તન્ના પ્રેરણા મંદીરમાં એન.એસ.એસ.શિબિરનો શુભારંભ યોજાયો હતો.રાષ્ટ્રીય સેવા યોજનાની ખાસ શિબિરમાં ૫૦ સ્વયંસેવકોને જોડવામાં આવ્યા હતા.એન.એસ.એસ.શિબિર ધ્વારા સફાઈ કામ,સ્વચ્છતા અને શ્રમદાનને મહત્વ આપવામાં આવશે.તમામ સ્વયંસેવકોને શિબિર દરમ્યાન સિવિલ હોસ્પિટલ અને ધાર્મિક સ્થળોની મુલાકાત કરવામાં આવશે.શિબિરનો પ્રારંભ સંસ્થાના મંત્રી દામુભાઈ પટેલએ કરાવ્યો હતો.આર.જે.તન્ના પ્રેરણા મંદીર આચાર્ય રમણભાઈ પટેલએ સ્વયંસેવકોને શિબિર દરમ્યાન સેવાકીય પ્રવૃતીઓ કરવાની સલાહ આપી હતી.

# સાબરડેરીમાંથી ૬૩ હજારના દૂધની ચોરી કરાતા ત્રણ સામે ફરિયાદ

હિંમતનગર, તા. ૨

સાબરડેરી દ્વારા જિલ્લામાં દૂધનો વપરાશ કરતા ઉપભોકતાઓ માટે રોજબરોજ સાબરડેરીમાંથી વાહનો મારફતે દૂધની હેરાફેરી કરી ગ્રાહકો સુધી પહોંચાડવામાં આવે છે. ત્યારે મંગળવારે એક વાહન ચાલક તથા અન્ય બે જણાએ મેળાપીપણુ કરી અંદાજે રૂ. ૬૩ હજારથી વધુની કિંમતના ૧૨૨૪ લીટર દૂધ બીલ વગર સાબરડેરીમાંથી બહાર લઈ જવાની ઘટનાનો પર્દાફાશ થતાં ત્રણેય જણા વિરૂદ્ધ બુધવારે હિંમતનગર એ-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવાઈ હતી.

આ અંગે પૂનાભાઈ ઘનાભાઈ પંડ્યાએ નોંધાવેલી ફરીયાદમાં જણાવ્યા મુજબ બુધવારે સાબડેરીમાંથી વાહન નં. જીજે.૯.વી.૮૬૧૮ના ચાલક પ્રકાશજી ભલાજી પરમાર (રહે. જવાનપુરા, રાયગઢ, તા. હિંમતનગર) અને પરેશભાઈ મણીભાઈ પટેલ (દૂદ વિતરણ ઓફીસર, રહે. જાદર) અને ઓપરેટર સચિનભાઈ નારણભાઈ પટેલે મેળાપીપણુ કરીને બીલ વગર ગોલ્ડ દૂધના રૂ. ૬૩,૬૪૮, ૧૨૨૪ લીટરના ૧૦૨ કેરેટ વાહન ચાલક પ્રકાશજી પરમાર તથા કન્ડક્ટર આકાશકુમાર દિલીપસિંહ પરમારને ભરી આપી ચોરી કરવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ તેઓ સાબરડેરીના મુખ્ય ગેટ પર ચેકીંગ દરમ્યાન પકડાઈ ગયા હતા. જેથી ત્રણેય જણા વિરૂદ્ધ પુનાભાઈ પંડ્યાએ બુધવારે હિંમતનગર એ-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

## જળબંબાકાર

● અનુસંધાન પહેલાનું ચાલુ

સ્થિતીને સામાન્ય બનાવવામાં હજુ સાત દિવસનો સમય લાગી શકે છે. એનડીઆરએફ અને બીજી બચાવ ટુકડી રાહત અને બચાવ કામગીરીમાં લાગેલી છે. રાહત કેન્દ્ર પણ સ્થાપિત કરવામાં આવ્યા છે. આ કેમ્પમાં હજારો લોકોને ખસેડી લેવામાં આવ્યા છે. લાપતા થયેલા ૧૪ માછીમારોની શોધખોળ ચાલી રહી છે. પ્રચંડ વાવાઝોડુ ઓખી હાલમાં લક્ષ્યદ્વિપથી ૮૦ કિલોમીટર ઉત્તરપૂર્વે સ્થિત છે. તમિળનાડુ અને કેરળમાં ભારે નુકસાન કરનાર વાવાઝોડા અને ભારે વરસાદના કારણે થયેલા નુકસાન અંગે મોદીએ માહિતી મેળવી હતી. ભારે વરસાદ અને વાવાઝોડાના કારણે અભૂતપૂર્વ નુકસાન થયુ છે. મોતનો આંકડો વધીને ૧૩૫૨ પહોંચી ગયો છે. બંને રાજ્યોમાં ભારે નુકસાન થયુ છે. બંગાળના અખાતમાં ડિપ ડિપ્રેશનની સ્થિતિ ચક્રવાતી વાવાઝોડા ઓખીમાં ફેરવાઈને વધુ તીવ્ર બનતા ભારે વરસાદ થયો છે. ચારેબાજુ જળબંબાકારની સ્થિતિ સર્જાઈ ગઈ છે. કેરળના પશ્ચિમ અને દરિયાકાંઠાના વિસ્તારોમાં નજર રાખવા માટે કોસ્ટ ગાર્ડ અને અન્ય બચાવ ટીમો સક્રિય થઈ ગઈ છે. હજુ સુધી ૬૯ લોકોને બચાવી લેવામાં આવ્યા છે.